પત્રક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/માર્ચ-2023/ 725

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ,
સેક્ટર-10-બી, ગાંધીનગર.
તા.23/02/2023

પ્રતિ,

(1) આચાર્યશ્રીઓ,
રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓ (તમામ),
ગુજરાત રાજય.

(2) પ્રધાનાચાર્યશ્રીઓ,
સંસ્કૃત પાઠશાળાઓ (પ્રથમા) તમામ,
ગુજરાત રાજય.

વિષય:- વર્ષ-2023 ધો.10 એસ.એસ.સી. પરીક્ષાના નિયમિત ઉમેદવારોના આંતરિક મૂલ્યાંકનના અને શાળા કક્ષાના વિષયના ગુણ ઓનલાઇન ભરવાની સૂચનાઓ

સંદર્ભ:-1:- મઉમશબ/સંશોધન/2019/774-812 તા:-04/02/2019નો પરિપત્ર
સંદર્ભ:-2:- મઉમશબ/સંશોધન/2019/2925 તા:-19/08/2019નો પરિપત્ર

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-1 દર્શિત બોર્ડના પત્રથી જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ 2019-20 થી અમલમાં આવેલ ધો.10ની પરીક્ષા પધ્ધતિમાં નિયમિત ઉમેદવારોના શૈક્ષણિક વર્ષ 2022-23માં પણ નીચે મુજબ આંતરિક મૂલ્યાંકનના 20 ગુણ રહેશે.

→ 05 ગુણ – પ્રથમ કસોટીમાં મેળવેલ ગુણના આધારે
→ 05 ગુણ – બીજી કસોટીમાં મેળવેલ ગુણના આધારે
→ 05 ગુણ – નોટબુક સબમીશનના આધારે
→ 05 ગુણ – સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટિવીટી (ભાષાઓમાં સ્પીકીંગ અને લીસનીંગ ટેસ્ટ, વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય તેમજ અન્ય વિષયોમાં પ્રોજેકટ કાર્ય રહેશે.)

શૈક્ષણિક વર્ષ 2022-23માં તા:-19/08/2019ના સંદર્ભિત પત્રથી જણાવ્યા પ્રમાણે આંતરિક મૂલ્યાંકન કરવાનું રહેશે. જૂથ – 2ના મરજીયાત વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ સૈદ્રાંતિક પરીક્ષાના 50 ગુણ રહેશે અને 50 ગુણ પ્રાયોગિક પરીક્ષાના રહેશે. શાળા કક્ષાએ આ પ્રમાણે 100 ગુણની પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. શાળા કક્ષાએ લેવામાં આવતી 100 ગુણની વાર્ષિક પરીક્ષાના ગુણ બોર્ડને મોકલવાના રહેશે જે બોર્ડ દ્વારા 80 ગુણમાં રૂપાંતર કરવામાં આવશે જ્યારે આંતરિક મૂલ્યાંકનના 20 ગુણનું વિભાજન નીચે મુજબ રહેશે.

→ 05 ગુણ – પ્રથમ પરીક્ષા
→ 05 ગુણ – દ્વિતીય પરીક્ષા
→ 05 ગુણ – નોટબુક સબમીશન
→ 05 ગુણ – પ્રાયોગિક કાર્ય અને પ્રોજેકટ કાર્ય

ઉક્ત બાબતે સંદર્ભિત પત્ર – 1 અને 2 થી જાણ કરવામાં આવેલ છે તે મુજબ આ વર્ષે એટલે કે શૈક્ષણિક વર્ષ – 2022-23ના વર્ષમાં પણ નિયમિત વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનના ગુણ સંદર્ભિત પરિપત્રો મુજબ તૈયાર કરી બોર્ડની વેબસાઇટ **gseb.org** પર તા:-24/02/2023થી તા:-10/03/2023 સુધી ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. જેની સૂચના અખબારી યાદી દ્વારા આપવામાં આવેલ છે.

ખાનગી ઉમેદવાર તરીકે આ વર્ષે જ આવેદનપત્ર ભરેલ હોય તો શાળા કક્ષાના વિષયની પરીક્ષા શાળા કક્ષાએ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક એમ બંને ભાગની પરીક્ષા લઇ પરીક્ષા દરમ્યાન મેળવેલ ગુણાંકન તા:-24/02/2023થી તા:-10/03/2023 સુધી ઓનલાઇન અપલોડ કરવાનું રહેશે.

શાળા કક્ષાનો વિષય લઇ પૃથ્થક ઉમેદવાર તરીકે આવેદનપત્ર ભરેલ હોય તો શાળા કક્ષાએ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક એમ બંને ભાગની પરીક્ષા લઇ પરીક્ષા દરમ્યાન મેળવેલ ગુણાંકન તા:-24/02/2023થી તા:-10/03/2023 સુધી ઓનલાઇન અપલોડ કરવાનું રહેશે.

ઓનલાઇન આવેદનપત્ર ભરાયા બાદ વિષયમાં સુધારો હોય તો આંતરિક મૂલ્યાંકનના ગુણ તથા શાળા કક્ષાના વિષયમાં સુધારો હોય તો ઉમેદવારોની પ્રવેશિકા (હૉલટીકિટ) ડાઉનલોડ કરવાની સૂચનાઓની સાથે બિડેલ પત્રક – અ અને પત્રક – અ 1માં વિગતો ભરી તા:-28/03/2023 સુધીમાં રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મદદનીશ સચિવ (એસ.એસ.સી.) માધ્યમિક શાખા, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગરને મળી રહે તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. (મેઇલ માધ્યમે સ્વીકારવામાં આવશે નહીં.)

ધોરણ-10 (એસ.એસ.સી.) ઓનલાઇન આંતરિક ગુણ અને શાળા કક્ષાના વિષયના ગુણ અપલોડ કરતા જો કોઈ વિદ્યાર્થીનાં વિષયમાં ફેરફાર થયેલ હોય તો ઓનલાઇનમાં વિદ્યાર્થીની કોલમમાં NA પસંદ કરવું અને નીચે રીમાર્કમાં તેના ગુણ દર્શાવી અપલોડ કરવાનુ રહે છે અને ઉક્ત સૂચવ્યા મુજબ પત્રક-અ અને પત્રક-અ (1)ની પણ કાર્યવાહી કરવાની રહેશે.

ખાસ નોંધ:- જે શાળાઓમાં સેકટર સ્કીલ કાઉન્સીલના વોકેશનલ વિષયોનો અભ્યાસક્રમ અમલી છે તેવી શાળાઓએ સેકટર સ્કીલ કાઉન્સીલ (SSC) દ્વારા કરવામાં આવેલ પ્રાયોગિક મૂલ્યાંકનના 50 માંથી ઉમેદવારે મેળવેલ ગુણ પણ સેકટર સ્કીલ કાઉન્સીલ (SSC)ના પ્રતિનિધિશ્રી પાસેથી મેળવી શાળા દ્વારા જ ઓનલાઇન ભરવાના રહેશે.

(એમ.કે.રાવલ)
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના:-

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ), ગુજરાત રાજય, તાબાની શાળાઓને જાણ અને કાર્યવાહી કરવા સારું

સવિનય નકલ રવાના:-

(1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

(2) સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

શિક્ષણ
પરીક્ષણ

અગત્યનું

ક્રમાંક: મઉમશબ/સંશોધન/2019/774-812
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 04-02-2019

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય : **શૈક્ષણિક વર્ષ 2019-20થી અમલમાં આવનાર ધોરણ-10 અને 12ની પરીક્ષા પદ્ધતિ બાબત.**

સંદર્ભ : 1. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2018/3961-4000 તા. 24-07-2018
2. અત્રેની ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજુરી.
3. તા. 16-06-2018 ની શૈક્ષણિક સમિતિનો ઠરાવ ક્રમાંક: 88/2018.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ-1 દર્શિત પત્રથી ધોરણ-9 થી 12ની પરીક્ષા પદ્ધતિ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2019-20થી ધોરણ-10 અને 12માં પરીક્ષા પદ્ધતિ નીચે મુજબ રહેશે.

1. શૈક્ષણિક વર્ષ 2019-20થી ધોરણ-10ની માર્ચ 2020ની બોર્ડની પરીક્ષામાં 50% (MCQ) OMR પદ્ધતિને 20% હેતુલક્ષી પ્રશ્નો રહેશે. બોર્ડની પરીક્ષામાં ધોરણ-10માં બોર્ડની પરીક્ષાનો ગુણભાર 70% ને બદલે 80% રહેશે. તેમજ આંતરિક મૂલ્યાંકનના 20% રહેશે. બોર્ડના 80 ગુણના પ્રશ્નપત્રમાં 20% (16 ગુણ) હેતુલક્ષી પ્રશ્નો તેમજ 80% (64 ગુણ) ટૂંકા પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધલક્ષી પ્રશ્નો વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

2. શૈક્ષણિક વર્ષ 2019-20થી ધોરણ-10માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના સ્થાને આંતરિક મૂલ્યાંકનના 20 ગુણ રહેશે. જેમાં,

- 5 ગુણ-પ્રથમ કસોટીમાં મેળવેલ ગુણના આધારે
- 5 ગુણ - બીજી કસોટીમાં મેળવેલ ગુણના આધારે
- 5 ગુણ-નોટબુક સબમિશન
- 5 ગુણ-સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટિવીટી (ભાષાઓમાં સ્પીકિંગ અને લીસનીંગ ટેસ્ટ, વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય તેમજ અન્ય વિષયોમાં પ્રોજેકટ કાર્ય રહેશે.)

3. શૈક્ષણિક વર્ષ 2019-20થી ધોરણ-10ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષાના 80 ગુણમાંથી 33% એટલે કે 26 ગુણ અને આંતરિક મૂલ્યાંકનના 20 ગુણમાંથી 33% એટલે કે 07 ગુણ મેળવવાના રહેશે. બંનેના મળીને બોર્ડની પરીક્ષા + આંતરિક મૂલ્યાંકનના અનુક્રમે 26+07=33 ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ઉત્તીર્ણ ગણાશે.

Scanned with CamScanner

4. શૈક્ષણિક વર્ષ 2019-20થી ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની માર્ચ-2020ની બોર્ડની પરીક્ષામાં 50% (MCQ) OMR પદ્ધતિને સ્થાને બોર્ડની પરીક્ષામાં 100 ગુણના પ્રશ્નપત્રોમાં 20% (20 ગુણ) હેતુલક્ષી પ્રશ્નો રહેશે અને 80% (80 ગુણ) પ્રશ્નો ટૂંકા પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધ પ્રકારના પ્રશ્નો વગેરે રહેશે. ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય 50 ગુણનું રહેશે.

5. ધોરણ-10 અને ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ) ના પ્રશ્નપત્ર પરિરૂપ હવે પછી બોર્ડ દ્વારા જણાવવામાં આવશે.

6. ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં બોર્ડની પરીક્ષામાં પ્રશ્નપત્રોનું પરિરૂપ યથાવત્ રહેશે. પરંતુ ભાષાઓના વિષયોમાં ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ) માટે નિયત થનાર પ્રશ્નપત્રોનું પરિરૂપ તમામ પ્રવાહોમાં લાગુ પડશે.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

## [illegible] ગુજરાત' ચેનલ પર 9 થી 12ના શૈક્ષણિક [illegible]

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા 'વંદે ગુજરાત' ચેનલ નં. 9 થી 12 ઉપરથી 'બાયસેગ'ના માધ્યમથી ધોરણ 9 થી 12ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમોનું દરરોજ ચોવીસ કલાક પ્રસારણ કરવામાં આવે છે. 'વંદે ગુજરાત' ચેનલ દૂરદર્શનની ડી.ટી.એચ. સર્વિસ 'ડીડી ફ્રી ડીશ' પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની YouTube ચેનલ "GSHSEB Gandhinagar" પર પણ આ શૈક્ષણિક કાર્યક્રમો અપલોડ કરવાની કાર્યવાહી ચાલુ છે. આ શૈક્ષણિક કાર્યક્રમોનો બહોળો પ્રચાર અને પ્રસાર થાય, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આ કાર્યક્રમો નિહાળી જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉમદા હેતુથી શાળાકક્ષાએ વિષયશિક્ષકો ટીવી માધ્યમ તેમજ યુ-ટ્યુબ ચેનલ - GSHSEB Gandhinagar પરના લેક્ચર્સ નિહાળવા બાબતે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડે તેમજ વિદ્યાર્થીઓને અવારનવાર આ અંગે પૃચ્છા કરીને તેઓના પ્રતિભાવ મેળવે તેવી વિનંતી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના 'વંદે ગુજરાત' ચેનલના શૈક્ષણિક કાર્યક્રમો અંગેના પ્રતિભાવો vandegujarat.gseb@gmail.com પર પણ આપ મોકલી શકો છો.

બી. એન. રાજગોર
સંયુક્ત નિયામક
ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ
ગાંધીનગર

Scanned with CamScanner

અગત્યનું

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૯/૦૮/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

**વિષય: ધોરણ-૧૦ ના જૂથ-૨ ના મરજિયાત વિષયોની પરીક્ષા પદ્ધતિ બાબત.**
**સંદર્ભ:૧. અત્રેની કચેરીનો તા.૦૪/૦૨/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૭૭૪-૮૧૨.**
**૨. અત્રેની કચેરીનો તા.૦૮/૦૮/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૮૩૫-૭૧.**

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૧) દર્શિત પત્રથી શૈક્ષણિક વર્ષ **૨૦૧૯-૨૦થી** અમલમાં આવનાર ધોરણ-૧૦ની પરીક્ષા પદ્ધતિ અંગે જરૂરી વિગતો આપવામાં આવેલ હતી. **જે મુજબ** ધોરણ-૧૦માં બોર્ડની પરીક્ષામાં ૮૦ ગુણનું પ્રશ્નપત્ર તેમજ આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ **રહેશે તેમ જણાવવામાં આવેલ છે.**

અત્રેની કચેરીના સંદર્ભ-(૨) દર્શિત પત્રથી ધોરણ-૧૦ ના વિષય માળખા મુજબ **જૂથ-૨ ના મરજિયાત વિષયોની શાળાકક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં જે પ્રશ્નપત્ર** પરિરૂપ મુજબ **પરીક્ષા લેવામાં** આવેલ છે તે જ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ ચાલુ રહેશે તેમ જણાવવામાં આવેલ છે.

આ અંગે શાળાઓ તરફથી પૃચ્છા કરવામાં આવતા નીચે **મુજબની સ્પષ્ટતા** કરવામાં આવે છે:-

→ જૂથ-૨ ના મરજિયાત વિષયોમાં અગાઉના પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ સૈદ્ધાંતિક પરીક્ષાના ૫૦ **ગુણ રહેશે** અને ૫૦ ગુણ પ્રાયોગિક પરીક્ષાના રહેશે. શાળા કક્ષાએ આ પ્રમાણે ૧૦૦ ગુણની પ્રથમ પરીક્ષા, દ્વિતીય પરીક્ષા/પ્રિલીમ અને વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. શાળા કક્ષાએ લેવામાં આવતી ૧૦૦ ગુણની વાર્ષિક પરીક્ષાના ગુણ શાળાએ બોર્ડને મોકલવાના રહેશે, જે બોર્ડ દ્વારા ૮૦ ગુણમાં રૂપાંતર કરવામાં આવશે.

→ આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણનું વિભાજન નીચે મુજબ રહેશે.

- ૫ ગુણ પ્રથમ પરીક્ષા
- ૫ ગુણ દ્વિતીય પરીક્ષા
- ૫ ગુણ નોટબુક સબમિશન(ગૃહ કાર્ય/વર્ગ કાર્ય)
- ૫ ગુણ પ્રાયોગિક કાર્ય/પ્રોજેક્ટ કાર્ય

શાળાએ ઉપરોક્ત આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ બોર્ડને મોકલવાના રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

E:\HK\પરિપત્ર-ધોરણ-૧૦ ના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત - ૮૭૦૪.૦૦૮